પશ્ચિમ ગુજરાત વિજ કંપની લિમિટેડ

# ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર


રજી. અને કોર્પોરેટ ઓફિસ, લક્ષ્મીનગર, નાના મવા મેઈન રોડ, રાજકોટ ફોન નં. (૦૨૮૧) ૨૩૮૦૪૨૫ ૨૩૮૦૪૨૭, ફેક્સ નં. (૦૨૮૧) ૨૩૮૦૪૨૮

CIN:U40102GJ2003SGC042908 website : www.pgvcl.com ઈ–મેઈલ :- forum.pgvcl@gebmail.com


પીજીવીસીએલ/સીજીઆરએફ/૫૮/કવા–૦૧/૧૮–૧૯/ 5860-1 તા. 6-7-18

રજી. એ.ડી. પત્ર

પ્રતિ,

લાલજીભાઈ ડાયાભાઈ ખોયાણી,

ગામ: રાણપુર

તા.જી.રાજકોટ

મો: ૯૯૦૯૬૦૪૫૫૩

**વિષય :–વીજબીલ મા નામબદલી બાબત**

સંદર્ભ:– આપની અરજી , તા. ૦૧–૦૬–૧૮ (અત્રે ના ફોરમ ની નોંધણી નંબર :૫૮/કવા–૦૧/૧૮–૧૯)

શ્રીમાન,

આપની ઉપરોક્ત વિષય અને સંદર્ભ મુજબની અરજી અન્વયે. અત્રેના ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર ની ફોરમ કમીટી ના આપેલ નિર્ણય આ સાથે આપને મોકલવામાં આવે છે.

**જે આપને સુવિદીત થાય. આભાર સહ.**

આપનો વિશ્વાસુ

(સી.જે.[illegible])

કા.વા. કન્વીનર

ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ

બિડાણ : ઉપર મુજબ

નકલ રવાના :

(૧) અધિક્ષક ઈજનેર શ્રી, પીજીવીસીએલ, ગ્રામ્ય વર્તુળ કચેરી , રાજકોટ

(૨) કાર્યપાલક ઈજનેર શ્રી, પીજીવીસીએલ, ગ્રામ્ય વિભાગીય કચેરી રાજકોટ

સદર નિર્ણયપત્રની નકલ આપને આ સાથે મોકલવામાં આવે છે. જેની તમામ વિગતો અભ્યાસે લઈ અને નામદાર જીઈઆરસી ના આયોગ ના જાહેરનામા: ૦૨/૨૦૧૧ ની કલમ ૨.૫૨ મુજબ — સદર હુકમ ના પાલન અંગે થયેલ કાર્યવાહીના જરૂરી અહેવાલ અત્રેની ફોરમ કચેરીને ફરજીયાત પાઠવવાનો રહેશે.

(૩) નાયબ ઈજનેર શ્રી, પીજીવીસીએલ, પેટા વીભાગીય કચેરી, કુવાડવા રોડ

# ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર(રાજકોટ ફોરમ)

પીજીવીસીએલ, રજી. અને કોર્પોરેટ કચેરી,લક્ષ્મીનગર નાનામૌવા રોડ રાજકોટ
CIN:U40102GJ2003SGC042908 website: www.pgvcl.com

| કેસ ન. : સીજીઆરએફ : ૫૮/કવા–૦૧/૧૮–૧૯ | કમિટી મીટીંગ: તા. ૨૯–૦૬–૧૮ | સ્થળ : રાજકોટ |
|---|---|---|

**પક્ષકાર નં.:–(૧) અરજદાર (ફરીયાદી)**

**અરજદાર (ફરીયાદી): નામ: લાલજીભાઈ ડાયાભાઈ ખોયાણી, ગામ: રાણપુર**

**રજુઆત કરનાર: અરજદાર લાલજીભાઈ ડાયાભાઈ ખોયાણી હાજર રહેલ છે**

**વિરૂધ્ધ**

**પક્ષકાર નં.: –(૨) પીજીવીસીએલ (સામેવાળા) :**

**પીજીવીસીએલ (કચેરી) : પેટા વીભાગીય કચેરી, કુવાડવા રોડ (કાર્યક્ષેત્ર ગ્રામ્ય વિભાગીય કચેરી રાજકોટ)**

**રજુઆત કરનાર :એમ.જે.લાલકીયા– કાર્યપાલક ઈજનેર ગ્રામ્ય વિભાગીય કચેરી રાજકોટ**

## : હુકમ :

**ફરીયાદ : વીજબીલ મા નામબદલી બાબત**

**મુદદા નં –૧ : પક્ષકાર નં –(૧) અરજદાર (ફરીયાદી) ની રજુઆત**

| | |
|---|---|
| ૧ | અરજદાર શ્રી તરફથી ફોરમ સમક્ષ ની ફરીયાદ અરજી મા, તેમજ ફોરમ કમિટી સમક્ષ રૂબરૂ ઉપસ્થિત રહી અને મૌખીક ચર્ચા ઓ દરમ્યાન, ફરીયાદ સબંધક એવી જરૂરી માહિતી રજુ કરીને, નીચે વર્ણવેલ મુદદાઓ મુજબ ની વિગતે, વગેરે તમામ બાબતો ફોરમ કમિટી સમક્ષ રજુ થયેલ છે. |
| ૧.૧ | અરજદાર જણાવે છે કે, તેઓની ગામ:રાણપુર તા. રાજકોટ ખાતે રે.સ. ૭૧ પૈકી ૨ ની ખેતીની જમીન હે.આર.ચો.મી. ૦–૪૦–૪૭ થી ખેતીની જમીન આવેલ છે. તે જમીન મા તેઓ ખેતીવાડી વીજજોડાણ નં.: ૮૯૬૬૧/૦૫૦૪૫/૭ થી જોડાણ ધરાવતા હતા. જે જોડાણ ને પુનઃ ચાલુ કરવાની અરજી પણ મંજુર કરાયેલ હતી. તેમજ તેઓની સદર ખેતીવાડી વીજજોડાણ માટે ની જમીન તેઓએ તેમના પુત્ર અને વહુ ના નાચે કરાવેલ હતી. ત્યારબાદ, સદર વીજજોડાણ શોભનાબેન સંજયભાઇ ખોયાણીના નામે થાય તે માટે ની નામ બદલી ની અરજી કરેલ. પરંતુ, સબંધક કચેરી દ્વારા બળજબરી થી તેમના પુત્ર ના નાચે રૂ.૮,૦૦૦/– ભરપાઈ કરાવી અને જોડાણ ને તેઓના પુત્ર સંજયભાઇ લાલજીભાઇ ખોયાણીના ના નામે કરી આપેલ હોય – આમ – પુત્ર ના નામ પરથી વહુ ના નામે કરવા માટે અરજદારે અત્રેના ફોરમ સમક્ષ ન્યાયિક રજુઆત કરેલ છે. |

**મુદદા નં –૨ : પક્ષકાર નં. –(૨) પીજીવીસીએલ (સામેવાળા) ની રજુઆત**

| | |
|---|---|
| ૨ | પીજીવીસીએલ પક્ષકાર તરફથી ફોરમ કમિટી સમક્ષ, નીચે વર્ણવેલ વિગત મુજબ ની વિગતો, તેમજ લેખીત અહેવાલ, તેમજ મૌખીક ચર્ચા , અને ફરીયાદ સબંધક તમામ દસ્તાવેજીક પેપર્સ, તેમજ અભિપ્રાય સાથે નો ખાસ અહેવાલ, વગેરે તમામ બાબતો ફોરમ કમિટી સમક્ષ રજુ થયેલ છે |
| ૨.૧ | • અરજદાર ની મુદદા નં ૧.૧ મુજબ ની વિગતે, પીજીવીસીએલ પક્ષકાર તરફથી જણાવાયેલ કે, શ્રી લાલજીભાઇ ડાયાભાઇ ખોયાણી મુ.રાણપુરની તેઓના રદ થયેલ ખેતીવાડી વિષયક વીજજોડાણ ગ્રાહક નંબર –૮૯૬૬૧/૦૫૦૪૫/૭ નામ ટ્રાન્સફર કરી તેમના પુત્રવધુ શ્રીમતિ શોભનાબેન સંજયભાઇ ખોયાણીના નામે કરી આપવા બાબતની અરજી અત્રેની કચેરીને મળેલ છે.<br>• ઉપરોકત અરજી બાબતે નાયબ ઇજનેરશ્રી કુવાડવા એ આપેલ પ્રત્યુતર મુજબ અરજદાર શ્રી લાલજીભાઇ ડાયાભાઇને સર્વે નંબર ૭૧ પૈકી ૧ માં તા.30.૭.૯૮ નારોજ ખેતીવાડી વીજજોડાણ આપવામાં આવેલ જેના ગ્રાહક નબર –૮૯૬૬૧/૦૫૦૪૫/૭ છે. જે વીજજોડાણ માર્ચ–એપ્રિલ–૨૦૦૨ માં કાયમી ધોરણે રદ કરવામાં આવેલ. ત્યારબાદ તા.૯.૭.૧૨ નારોજ લાલજીભાઇ ડાયાભાઇ ખોયાણીના વારસદાર શ્રી સંજયભાઇ લાલજીભાઇ ખોયાણી એ સર્વે નંબર ૭૧ પૈકી ૧ માંપાણીના શોર્ય સર્વે નંબર ૧૦૨ પૈકી ૧ મા PDC RC અને શિફટીંગ સાથે નામટ્રાન્સફર માટે અરજી કરેલ જેની પત્ર નંબરRRC/Rev/AG.PDCRC/9264/17.12.12 થી મંજુરી આપવામાં આવેલ.<br>• અરજદાર દ્વારા ફરીયાદમા એવુ જણાવેલકે સદર રીકનેકશન તેમની પુત્રવધુ શોભનાબેનના ખેતરમા કરવામા આવેલ પરંતુ સદર રીકનેકશન જે તે જગ્યા |

| | |
|---|---|
| | દવારા માગણી કરેલ સંજયભાઇ લાલજીભાઇ ના જ ધ્યાનમા આપવામા આવેલ છે. હવે નામબદલી ની કાર્યવાહી માટે જરૂરી ફોર્મ તથા દસ્તાવેજી રજુ કર્યે સંલગ્ન પેટા વિભાગીય કચેરીના અધિકારીશ્રી દવારા તપાસ કર્યે નિયમોનુસાર મંજૂરી બાબત કાર્યવાહી કરવામાં આવશે. |

**મુદ્દા નં.—૩ :** **નિષ્કર્ષ**

| | |
|---|---|
| | ફરીયાદી અરજદાર શ્રી ની, ફોરમ સમક્ષ ની મુદ્દા ન. ૧ હઠળ ની વિગતે ની ફરીયાદ અરજી, તેમજ મૌખીક ચર્ચાઓ અને પીજીવીસીએલ પક્ષકાર તરફથી ફોરમ કમિટી સમક્ષ રજુ થયેલ મુદ્દા નં.ર હેઠળ ની વિગતો તેમજ લેખીત અહેવાલ, તેમજ ફરીયાદ સબંધક તમામ દસ્તાવેજીક પેપર્સ, તેમજ અભિપ્રાય સાથે નો ખાસ અહેવાલ વગેરે, બન્ને પક્ષકારો ની તમામ માબતો, ફોરમ કમિટી તરફથી ઉંડાણપૂર્વક અભ્યાસે લેતા, સદર કેઈસ મા ફોરમ કમિટી તરફથી નીચે મુજબ ની વિગતે નિષ્કર્ષ થયેલ છે. |
| ૩.૧ | • (૧) અરજદાર ની મુદ્દા નં ૧.૧ મુજબ ની વિગતે ની અરજી ના અનુસંધાને — પીજીવીસીએલ પક્ષકાર તરફથી ફોરમ કમિટી સમક્ષ રજુ થયેલ મુદ્દા ન. ર.૧ મુજબ ની વિગતે, અરજદાર ૦૫ હોપા નુ ખેતીવાડી વીજજોડાણ ન. ૮૯૬૬૧/૦૫૦૪૫/૭ જે શ્રી લાલજીભાઇ ડાયાભાઇ ખોયાણી મુ. રાણપુર સર્વે નંબર ૭૧ માં ધરાવતા હતા. જે વીજજોડાણ માર્ચ—એપ્રિલ ર૦૦ર માં કાયમી ધોરણે રદ કરવામાં આવેલ.<br>• (ર)સદર વીજજોડાણ ને તેઓના પુત્ર સંજયભાઇ લાલજીભાઇ ખોયાણીના ના નામે નામ—બદલી સાથે પુનઃ ચાલુ કરવા માટે તેમજ સર્વે નંબર ૭૧ પૈકી ૧ માંથી સર્વે નંબરઃ ૧૦ર પૈકી ૧ પૈકી ૧ માં —૭.૫ હોપા ના જોડાણ માટે — અરજદાર દ્રારા તા.૦૯—૦૭—૧ર ના રોજ અરજી કરેલ, તેમજ અરજદાર સર્વે નંબરઃ ૧૦ર પૈકી ૧ પૈકી ૧ મા ટપક સિંચાઈ પધ્ધતિ — વસાવવા માટે સંમતી આપેલ હતી.<br>• (૩) ઉપરોક્ત અરજી ના અનુસંધાને — સદર બાબતે વિભાગીય કચેરી દ્રારા — વર્તુળ કચેરી ને મંજુરી માટે મોકલાવેલ દરખાસ્ત ને વર્તુળ કચેરી ના પત્ર નં. 9264 DT.17.12.12 થી શરતાધિન મંજુરી આપવામાં આવેલ. તે મુજબ સદર વીજજોડાણ ૦૫ વર્ષ કરતા વધુ સમય થી રદબાતલ થયેલ હોય — અરજદાર જો ટપક સિંચાઈ પધ્ધતિ — વસાવવી ફરજીયાત છે, અને સદર વીજજોડાણ ૦ર વર્ષ ના કરારનામા ના સમયગાળા દરમ્યાન બંધ કરાવી શકાશે નહી, કે અન્ય જગ્યાએ શીફટીંગ પણ કરાવી શકાશે નહી. તેમજ જરૂરી મીનીમમ ચાર્જ — સદર વીજજોડાણ રદબાતલ થયેલ તારીખ થી વર્ષ—ર૦૧ર સુધી વસુલ કરવો<br>• (૪)સર્વે નંબરઃ ૧૦ર પૈકી ૧ પૈકી ૧ મા ટપક સિંચાઈ પધ્ધતિ — મેળવવા માટે અરજદારે અરજી તા.૧૪—૦૩—૧ર ના અનુસંધાને જીજીઆરસી દ્રારા તા.૦૬—૧૦—૧ર ના રોજ વર્ક ઓર્ડર અપાયેલ.જે અન્વયે પીજીવીસીએલ પક્ષકાર દ્રારા ભાવપત્રક તા.ર૮—૧ર—૧ર ના રોજ રૂ.૮,૬ર૮/— ( રકમ રૂ.૧૦૦/- રૂ. ૧ર૫૩/- ડીપોઝીટ તેમજ ફીકસ ચાર્જ રૂ.૫૦૦૦.૦૦ પીડીસી મીનીમમ રૂ.ર,ર૭૫/— ચાર્જ એમ કુલ રૂ.૮,૬ર૮/— નુ અપાયેલ હતુ, જે અરજદાર દ્રારા તા.ર૯—૧ર—૧ર ના રોજ ભરપાઈ કરાયેલ હતુ. ત્યારબાદ, અરજદાર દ્રારા ટેસ્ટ રીપોર્ટ અને ટ્રાયલ રન સર્ટીફીકેટ રજુ કરાતા તા.૧૫—૦૩—૧૩ ના રોજ સદર વીજજોડાણ — મુળ અરજદારના પુત્ર સંજયભાઇ લાલજીભાઇ ખોયાણીના નામે સર્વે નંબરઃ ૧૦ર પૈકી ૧ પૈકી ૧ માં નામ—બદલી સાથે ચાલુ કરાયેલ હતુ<br>• (૫) અરજદાર શોભનાબેન સંજયભાઇ ખોયાણી_ગામ — રાણપુર દ્રારા તા.રર—૦ર—૧૪ ના રોજ અરજી મા જણાયેલ કે તેઓના સર્વે નંબરઃ ૧૦ર પૈકી ૧ માં — ખેતીવાડી વીજજોડાણ ધરાવે છે, જેમા પાણી ન હોય — તેઓની માલીકી ના અન્ય સર્વે નંબરઃ ૭૧ પૈકી ર મા જોડાણ ને શીફટીંગ કરી આપવા વિનંતી કરેલ સદર બાબતે અરજદાર દ્રારા શીફટીંગ અને સંજયભાઇ ખોયાણી_માથી શોભનાબેન સંજયભાઇ ખોયાણી ના નામે નામ બદલી ની અરજી તા.ર૮—૦૩—૧૪ ના રોજ કરાયેલ. જે અનુસંધાને પીજીવીસીએલ ની સબંધક કચેરી દ્રારા મંજુરી અર્થે વિભાગીય કચેરી ને તા.૩૧—૦૩—૧૪ ના રોજ થી મોકલાવેલ. જે અન્વયે વિભાગીય કચેરી ના પત્ર તા.૧૭—૦૫—૧૪ મા જણાવ્યા મુજબ — '' પીડીસી આર.સી. કંપની ના નિયમ મુજબ — ૦૫ થી ૦૭ વર્ષ શીફટીંગ થઈ શકે નહી '' તેથી ફાઈલ પરત પેટા વિભાગીય કચેરી કુવાડવા ને મોકલાવેલ, તે મુજબ ની જાણકારી — અરજદાર ને પેટા વિભાગીય કચેરી કુવાડવા ના પત્ર તા.ર૧—૦૫—૧૪ થી અપાયેલ.<br>• (૬) આમ, ઉપરોકત મુદ્દા નં (૫) મુજબ ની વિગતે — અરજદાર ની રજુઆત મુદ્દા નં ૧.૧ મુજબ ની વિગતેની અરજી ગ્રાહય રખાયેલ નથી, જે નિયમાધીન હોય અરજદાર દ્રારા સર્વે નંબરઃ ૧૦ર પૈકી ૧ માથી અન્ય સર્વે નંબરઃ ૭૧ પૈકી ર શીફટીંગ અને સંજયભાઈ લાલજીભાઇ ખોયાણી ના નામ પરથી શોભનાબેન |

| | |
|---|---|
| | સંજયભાઇ ખોયાણી ના નામે નામ બદલી ની અરજી તા.૨૮–૦૩–૧૪ ગ્રાહ્ય રાખી શકાય નહી. વધુમાં જો અરજદાર સદર બાબતે ઉપરોક્ત વીજજોડાણ ને શીફટીંગ કરવા માંગતા હોય તો કરીથી નિયમાધીન અરજી કરી શકશે. તેમજ, હૈયાત ખેતીવાડી વીજજોડાણ સુક્ષ્મ સિંચાઈ પધ્ધતિ થી મેળવેલ હોય અને જીજીઆરસી દ્વારા નકકી કરાયેલ સમયમર્યાદા પુરી થતી ન હોય તેવા સંજોગોમા ગ્રાહકે નવીન જગ્યાએ જીજીઆરસી મારફત સુક્ષ્મ પિયત પધ્ધતિની અમલ કરવાની બાંહેધરી આપ વાની રહેશે, તેનો સમયગાળો વીજજોડાણ ના સ્થળફેર બાદ કરીથી શરૂ થયેલ ગણાશે. તે મુજબ ની જાણકારી બન્ને પક્ષકારો ને આપવા બાબતે નો સદર કેઈસ મા ફોરમ કમિટી તરફથી નિષ્કર્ષ થયેલ છે |

**મુદ્દા નં.–૪ :** **હુકમ**

| | |
|---|---|
| **૪.૧** | સદર કેઈસ મા ફોરમ કમિટી તરફથી થયેલ નિષ્કર્ષ ના મુદ્દા નં. ૩.૧ ના પેટા મુદ્દા નં (ક) મુજબ ની વિગતે ની જાણકારી બન્ને પક્ષકારો ને આપવામા આવે છે |

**(શ્રીમતી કે.જે.મોટાણી )**
**સ્વતંત્ર સભ્ય**
**ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ**

ગેરહાજર
**(એન.ડી.ધામેલીયા)**
**સભ્ય (ટેક)**
**ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ**

**(ટી.બી.ભીમાણી)**
**ચેરમેન**
**ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ**

**નોંધ** જો સદર નિર્ણય સાથે આપ સંમત ન હોય તો, આપ શ્રી તરફથી સદર નિર્ણય સાથે, નિર્ણયપત્ર મળ્યા પછીના ૩૦ દિવસની અંદર, ''નામદાર ઓમ્બુડ્સમેન (વિદ્યુત લોકપાલ), ગુજરાત વીજ નિયંત્રક આયોગની કચેરી, બ્લોક નં. ૩, પોલિટેકનીક કંપાઉન્ડ, આંબાવાડી, અમદાવાદ-૩૮૦ ૦૧૫'' સમક્ષ લેખિત અપીલ અરજી કરી શકાય છે. અપીલ અરજી જો નાણાકીય બાબત સબંધિત હોય તો, સદર રકમના ૩૩% રકમ પીજીવીસીએલમાં વાંધા સાથે ભરપાઈ કરાયેલ હોવાનો ઉલ્લેખ અપીલ અરજીમાં થવો જરૂરી છે.